# રિઝન ફોર થ્રી ચિઅર્સ..!

**ટૂંકી ફિલ્મોના આંતરરાષ્ટ્રીય ફેસ્ટિવલમાં પસંદગી પામેલ વડોદરાના કલાકારોએ બનાવેલી ફિલ્મ દર્શકોના વૉટિંગના આધારે વિશ્વસ્તરે વિજેતા બની શકે તેવી ઊજળી શક્યતાઓ છે**

**સિટી રિપોર્ટર. વડોદરા**

*bhaskarcity@guj.bhaskarnet.com*

નવલોહિયા-બિન અનુભવી કલાકારો, ઝિરો બજેટ, સ્થાનિક સ્તરની જાણકારી અને ટેક્નોલોજીના નામે માત્ર સાદો હેન્ડિકેમ..આટલી જણસના આધારે બનેલી ફિલ્મની ગુણવત્તામાં શી ભલીવાર હોય તેવો સવાલ હવે ન કરશો. કારણ કે માત્ર આટલી જ મૂડીના આધારે બનાવેલી ફિલ્મ વડે વડોદરાના તેજસ્વી યુવાઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકે તેવી ઉજળી શક્યતાઓ દેખાઈ રહી છે. મ.સ. યુનિ.ની વિવિધ ફેકલ્ટીમાં અભ્યાસ કરતા વિનિત કનોજીયા, રાહુલ ભોળે, પરીક્ષિત મરાઠે અને દીપ પંજવાણીએ 'ફોર શેડો' સંસ્થાના નેજાં હેઠળ બનાવેલ ચાર મિનિટની ફિલ્મ 'રિઝન ફોર એક્ઝિસ્ટન્સ'ની ટૂંકી ફિલ્મોના પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં પસંદગી થઈ છે.

પરગ્રહવાસીઓની સહાય વડે અગમના એંધાણ ભાખી શકતા યુવાનનું કથાનક ધરાવતી આ ફિલ્મ 'સાયન્સ ફિક્શન' હોવાનું જણાવતા 'ફોર શેડો' સંસ્થાના આ કલાકારોએ જણાવ્યું હતું કે, 'વિશ્વવિખ્યાત દિગ્દર્શક સ્ટિવન સ્પિલબર્ગ દ્વારા પ્રતિવર્ષ યોજાતા ટૂંકી ફિલ્મોના ઈન્ટરનેશનલ ફેસ્ટિવલ 'ઓન ધ લોટ'માં અમે ભાગ લેવા માટે અમે ફિલ્મ મોકલી હતી. જેમાં અમારી પસંદગી થતાં અમે ભારે હર્ષની લાગણી અનુભવીએ છીએ.' ઉલ્લેખનીય છે કે, આ ફેસ્ટિવલમાં પસંદગી પામેલ આ ગુજરાતની એકમાત્ર ફિલ્મ છે એટલું જ નહિ, ભારતમાંથી પણ બહુ જૂજ ફિલ્મો આ સ્તર સુધી પહોંચતી હોય છે ત્યારે વડોદરાના કલાકારોએ બનાવેલી ફિલ્મ પસંદગી પામે એ ઘટના કલાનગરીના ગૌરવમાં ચોક્કસપણે વધારો કરે તેવી છે.'

'રિઝન ફોર એક્સિસ્ટન્સ'ના કલાકાર રાહુલ ભોળેએ કહ્યું કે, 'સ્પિલબર્ગ નિર્દેશિત ફિલ્મ જૂરાસિક પાર્ક નિહાળી એ સમયથી જ અમને હોલિવૂડની અજાયબ દુનિયા સુધી પગ લંબાવવાની ખ્વાહિશ રહી છે ત્યારે અમારો આ નાનકડો પ્રયાસ પણ અમને આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકવાની તક અપાવી શક્યો તેની ખુશી અમે શબ્દોમાં વર્ણવી શકીએ તેમ નથી.'

આ ફિલ્મ ફેસ્ટિવલમાં જો વડોદરાના કલાકારોની ફિલ્મ જ્યુરી અને દર્શકોના વૉટિંગમાં મોખરે રહેશે તો શહેરના કલાકારોને સ્ટિવન સ્પિલબર્ગના નેજાં હેઠળ વન મિલિયન ડોલરના બજેટમાં ફિલ્મ બનાવવાની તક સાંપડશે. હાલમાં પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મેળવી ચૂકેલી વડોદરાની આ ફિલ્મ બીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવી શકે એ માટે દર્શકોનું ઓનલાઈન વૉટિંગ બહુ મહત્ત્વનો ભાગ ભજવી શકે છે. આ પરિસ્થિતિમાં કલાનગરીના રહીશો પણ ઓનલાઈન વૉટિંગ વડે વડોદરાના ગૌરવમાં હિસ્સેદાર બની શકે છે.

---

## કઇ રીતે વોટિંગ કરશો..

- http://films.thelot.com/films/23041વેબસાઇટ ઓપન કરો.
- ત્યારબાદ મેઇલ આઇડીની માફક સાઇનઅપ કરો.
- એ પછી તમે ચાર મિનિટની ફિલ્મ નિહાળવા મળશે અને તેનાં આધારે વૉટિંગ કરી શકાશે.
- વૉટિંગની છેલ્લી તારીખ ૩ માર્ચ છે.